## વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ

# સરદાર પટેલ



૩૧ ઓક્ટોબર, ૧૮૭૫ - ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦
સરદાર વલ્લભભાઈ પટેલ

ભારતની સ્વાતંત્ર્ય સાધનામાં ગાંધીજી બાદ ગુજરાતના કોઈ વ્યક્તિએ મહત્ત્વનું પ્રદાન આપ્યું હોય તો તે છે વલ્લભભાઈ પટેલ. સ્વાતંત્ર્ય લડતમાં ગાંધીની સાથે રહી અંગ્રેજોને હંફાવવામાં વલ્લભભાઈની ભૂમિકા બધા જ ક્ષેત્રમાં રહી છે. ખેડૂતોને જોમથી લડત માટે તૈયાર કરવા, કુનેહથી નીતિ ઘડવી હોય કે અંગ્રેજોને દલીલથી પછાડવા હોય વલ્લભભાઈ પટેલ બધી વાતે ખરા ઉતર્યા છે.

સરદાર જતાં આખા દેશને પોતે શું ગુમાવ્યું છે તેનું એક ઝબકારામાં ભાન થાય એટલા એ સૌના જીવમાં ઓતપ્રોત હતા. કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રજા રાતે આડે પડખે થતી ત્યારે એની નજર સરદારના મોં સામે રહેતી અને નિરાંતે આરામ લેતી. સરદાર જતાં એને એ ઓથ ગઈ તેવું લાગ્યું. ગાંધીજી જતાં જે બે નેતાઓ પોતાના તેજે પ્રકાશી શકે એવા રહ્યા તેમાંના એક સરદાર. આ હકીકત જ એમની અંતર્ગત મહત્તા સૂચવવા માટે પૂરતી ગણાય અને ગાંધીજી સાથે એમને સામ્ય હોય તો તે પણ સૌથી વધુ તો એક વિરલ ગુણ અંગે. બંને અભય અનુભવનારા હતા, વીર હતા.

ખેડા જિલ્લાના કરમસદ ગામમાં પિતા ઝવેરભાઈ પટેલને ત્યાં તેમનો જન્મ. પિતા સ્વામીનારાયણ સંપ્રદાયી. વ્યવસાય ખેતીનો. તેમનામાં પણ સ્વાતંત્ર્યપ્રેમની છાંટ તો હતી જ. ૧૮૫૭ની પ્રથમ સ્વાતંત્ર્ય-ક્રાંતિમાં અંગ્રેજ સરકારની સામે લડનાર કોઈ ટુકડીને મદદ કરવા માટે ત્રણ વરસ સુધી તેમને પોતાના વતનનો ત્યાગ કર્યો હતો. ગુજરાતમાં તો એ ક્રાંતિની ખાસ અસર નહોતી. એટલે તેઓ બહાર જઈ ચળવળ-પ્રવૃત્તિમાં પડેલા. તેઓ ઇન્દોરમાંથી પકડાયેલા અને સજા થયેલી. વિઠ્ઠલભાઈ તેમના મોટા દીકરા.

વલ્લભભાઈને ગળથૂથીમાંથી ભક્તિ અને વીરત્વના સંસ્કારો મળ્યા. પરિણામે નાનપણથી જ તેઓ સાહસિક, નીડર, કાર્યકુશળ અને સહનશીલ હતા. નાનપણથી જ તેમનામાં નેતાગીરીનો સ્વાભાવિક ગુણ હતો. ગુજરાતી અભ્યાસ ગામઠી નિશાળમાં પૂરો કર્યો અને પછી નડિયાદની સરકારી અંગ્રેજી હાઇસ્કૂલમાં અભ્યાસ કર્યો. તે સમયે નડિયાદ ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, બાલાશંકર વગેરે સાક્ષરોને કારણે સાક્ષરભૂમિ કહેવાતું. શાળામાં તેઓ તોફાની વિદ્યાર્થી તરીકે જાણીતા હતા. ઈ.સ. ૧૮૯૭માં તેઓ મેટ્રિક ત્યાંથી જ થયા. તે સમયે મેટ્રિક પછી કાયદાનો અભ્યાસ કરી ઈ.સ. ૧૯૦૦માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી અને વકીલ થઈ ગયા. વલ્લભભાઈએ ગોધરા, બોરસદ અને આણંદમાં વકીલાત કરી. તેમની કુશાગ્ર બુદ્ધિ અને હાજરજવાબીથી તેમની વકીલાત થોડો જ સમયમાં જામી ગઈ. વલ્લભભાઈનો કેસ જે કોરટમાં ચાલતો તેમાં કંઈ ને કંઈ નવાજૂની થતી. એટલે એમનો કેસ સાંભળવા કોરટમાં ભીડ જામતી. તે વખતે મોટા ભાગના મૅજિસ્ટ્રેટ અંગ્રેજો હતા. તેમની સાથે વલ્લભભાઈને અચૂક ચકમક ઝરતી. એટલે થોડા જ વખતમાં આખા વિસ્તારમાં એક બાહોશ ને માથાભારે વકીલ તરીકે તેમનું નામ ગાજવા માંડ્યું.

> પરમહંસે વિવેકાનંદને ઓળખી લીધા હતા તેવી જ રીતે ગાંધીજીએ વલ્લભભાઈને ઓળખી લીધા ને ગાંધીજી જેવા પારસમણિના સ્પર્શે તેમનો જીવનરાહ બદલી નાખ્યો

વલ્લભભાઈને ઇંગ્લૅન્ડ જઈ બૅરિસ્ટર થવાનો ભારે મનસૂબો હતો. પણ પરદેશ જવા પૈસા ક્યાં હતા? ભારે પરિશ્રમ કરી, પૈસા ભેગા કરી તેઓ ઈ.સ. ૧૯૧૦ના ઑગસ્ટમાં ઇંગ્લૅન્ડ ગયા અને અભ્યાસમાં ખૂંપી ગયા. તેમણે મોજશોખ બાજુએ મૂક્યા. પરદેશી વાતાવરણમાં પણ કોઈ દૂષણમાં ન સપડાતાં પોતાના સંસ્કાર ખોયા નહીં. જે કાર્યની સિદ્ધિ માટે તેઓ ગયા હતા જે મુશ્કેલી વેઠી તેઓ ગયા હતા તેમાં મશગૂલ રહ્યા. સવારે નાસ્તો કરી અગિયાર માઇલ દૂર આવેલા મિડલ

ટેમ્પલના સ્થળે તેઓ પગપાળા પહોંચી જતા. બપોરે દૂધ અને પાંઉ ખાઈ લેતા અને સાંજે લાઈબ્રેરી બંધ થયા ત્યાં સુધી સત્તર સત્તર કલાક અભ્યાસ કર્યા કરતા.

વલ્લભભાઈનો પરિશ્રમ ફળ્યો. પ્રથમ વર્ગમાં પ્રથમ આવી તેમણે ઝળહળતી ફતેહ મેળવી. તેમને પચાસ પાઉન્ડનું ઇનામ અને બે ટર્મની ફી-માફી મળી! આટલી સફળતા મળ્યા છતાં પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યા બાદ તરત ૧૯૧૩માં તેઓ ભારત પાછા ફર્યા. સામેથી આવેલી સરકારી નોકરીની અનેક લોભામણી ઑફરો અવગણી અમદાવાદમાં બૅરિસ્ટરી કરવાનો નિર્ણય કર્યો. થોડા જ વખતમાં તેમની વકીલાત જામી ગઈ. પણ બૅરિસ્ટરી કરવાનું તેમને માટે નિર્માયું ન હતું.

૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી દેશમાં આવ્યા અને અમદાવાદમાં કોચરબ આશ્રમ સ્થાપીને રહ્યા. ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રમાં કામ કરવાની દિલચસ્પી ધરાવનારાઓ કુતૂહલ અને કૌતુક ખાતર ગાંધીજીના આશ્રમમાં જતા અને ત્યાંથી કાંઈક ને કાંઈક વાતો લાવી ગુજરાત ક્લબમાં વલ્લભભાઈને સાથે કરતા હતા. તે સાંભળીને વલ્લભભાઈ તે વાતોને મશ્કરીમાં ઉડાવતા. એમને થતું કે આ બૅરિસ્ટર કાંઈક ગાંડપણ લઈને આવ્યા લાગે છે. બ્રહ્મચર્ય પાળે, જાજરૂ સાફ કરે, દળે અને ઘઉંમાંથી કાંકરા વીણે એવા દેશસેવકો પેદા કરવાના છે? આવી પ્રવૃત્તિઓથી દેશ સ્વતંત્ર થવાનો છે?

અમદાવાદની ગુજરાત ક્લબમાં કર્મવીર મોહનદાસની મોળી મોળી વાતો સાંભળવા કરતાં પાનાં રમવામાં અને સિગારેટ પીવામાં મશગૂલ રહેનાર અને ગાંધીજીની ઠેકડી કરનાર આ બાહોશ ધારાશાસ્ત્રીએ જ્યારે જોયું કે ગાંધીજીએ ચંપારણ્યમાં મનાઇહુકમનો ભંગ કરીને અંગ્રેજી રાજ્યના પાયા ડગમગાવી મૂક્યા ત્યારે એમને થયું કે આ નરવીર તો માથું હાથમાં લઈને ફરે છે અને એ આપોઆપ એમને પડખે જઈને ઊભા. આ માણસ અંગ્રેજ સરકારને અરજીઓ કરવાવાળો નેતા નથી, પણ હાથમાં માથું લઈને ફરે છે ને અંગ્રેજી રાજ્યને ઉખાડીને જ એ જંપશે તેવી ખાતરી થવાથી તેમણે ગાંધીજીને સર્વભાવે સાથ આપ્યો. પરમહંસ રામકૃષ્ણે જેમ વિવેકાનંદને ઓળખી લીધા હતા તેવી જ રીતે ગાંધીજીએ વલ્લભભાઈને ઓળખી લીધા. એવામાં ૧૯૨૧માં તેમણે વકીલાતને તિલાંજલિ આપી. ખૂબ પૈસા કમાઈને મોટા વકીલ તરીકે કીર્તિ મેળવવાની તેમની મહત્ત્વાકાંક્ષાએ જુદો જ વળાંક લીધો અને ગાંધીજી જેવા પારસમણિના સ્પર્શે તેમનો જીવનરાહ બદલાયો. ૧૯૨૧માં વલ્લભભાઈ કોંગ્રેસમાં જોડાયા અને ગુજરાત પ્રાંતીય કોંગ્રેસ સમિતિના પ્રથમ અધ્યક્ષ તરીકે ચૂંટાયા. ૧૯૨૨માં બોરસદ સત્યાગ્રહની અને ૧૯૨૩માં નાગપુર ઝંડા સત્યાગ્રહની નેતાગીરી લઈ બંનેમાં વિજય મેળવ્યો. ૧૯૨૪માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચૅરમૅન બન્યા. સરદાર અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે હાથમાં ઝાડું લઈને એમણે સાથીઓ સાથે રસ્તા સાફ કર્યા ત્યારે એની ધૂળથી લંડનના વ્હાઇટ હૉલના ગોરાઓ આંખો ચોળવા લાગ્યા. દેશ સમગ્રના કોંગ્રેસ સંગઠનને વ્યવહારદક્ષ સરદારે બ્રિટિશરો સાથેના મુકાબલાને યોગ્ય બનાવ્યું. ૧૯૨૭માં ગુજરાતમાં મહાજળપ્રલય વખતે ગામે ગામે ઘૂમીને તેમણે કરેલી રાહતની વ્યવસ્થાથી સરકાર પણ હેરત પામી ગઈ.

૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ આવી પડ્યો. બારડોલીની પ્રજાને ભારે અન્યાય થતો હતો. પ્રજામાં રોષ હતો. પહેલાં વલ્લભભાઈએ બારડોલી જઈ પ્રશ્નમાં શું તથ્ય છે તેની તપાસ કરી. ગાંધીજી બારડોલી આવ્યા. આ લડતનું સમગ્ર સંચાલન ગાંધીજીએ વલ્લભભાઈને સોંપ્યું. વલ્લભભાઈએ પ્રજામાં ખમીર પ્રગટાવ્યું. લોકોને હિંમત આપી. પોતે તેમની પડખે ઊભા છે તેની ખાતરી કરાવી અને લડત શરૂ થઈ. વલ્લભભાઈએ કહ્યું. 'આ લડત મારફત માત્ર તમારા થોડા પૈસા બચાવવા ખાતર નથી ઊતર્યો પરંતુ, ગુજરાતના તમામ ખેડૂતોને હું પાઠ શીખવવા માગું છું.' એમની વાણી શક્તિના ઝરા સમાન હતી. સળગાવી મૂકે એવા કટાક્ષોની એમને બક્ષિસ હતી, જે અખાની યાદ આપતી. સરદારની વાણી સાંભળનાર ગુજરાતી ભાષાને 'શું શાં પૈસા ચાર' હરગિજ કહી નહીં શકે. આ લડત ચાર માસ ચાલી એ દરમિયાન બારડોલી તાલુકામાં શક્તિનો ધોધ વહી રહ્યો. આખરે સરકાર નમી. તેણે સુલેહનો સંદેશો મોકલ્યો અને આખરે કનૈયાલાલ મુનશી મારફત સરકારે સમાધાન કર્યું. સત્યાગ્રહનો જયજયકાર થયો. ગાંધીજીએ બારડોલીની પ્રજાને ધન્યવાદ આપ્યા અને વલ્લભભાઈને 'સરદાર'ના વહાલસોયા બિરુદથી નવાજ્યા. ત્યારથી તે સમગ્ર દેશના 'સરદાર' બની રહ્યા.

૧૯૩૨ના જેલવાસ દરમિયાન તેમના જીવનમાં બે દુઃખદ બનાવ બન્યા. એક તો તેમનાં માતૃશ્રીનું અવસાન અને બીજું મોટા ભાઈ વિઠ્ઠલભાઈનું અવસાન. વિઠ્ઠલભાઈ તો વિયેનામાં મૃત્યુ પામ્યા હતા, પણ તેમનો મૃતદેહ મુંબઈ લાવવામાં આવ્યો હતો. તેમની અંતિમક્રિયા નિમિત્તે વલ્લભભાઈને જેલમાંથી આવવાની પ્રજા તરફથી જોરદાર માગણી થઈ ત્યારે સરકારે અમુક શરતોને આધીન વલ્લભભાઈને છોડવાની મંજૂરી આપી. એ શરતો વલ્લભભાઈને માન્ય ન હતી. એટલે હૈયે પથ્થર મૂકીને સ્વમાનભંગ થવા કરતાં તેમણે જેલમાં રહેવાનું પસંદ કર્યું. આ પછી પણ ૧૯૩૭માં પ્રથમ કોંગ્રેસના અધિવેશન માટે બારડોલી તાલુકાનું હરિપુરા ગામ પસંદ થયું. આમ તો ત્યાં જંગલ જેવી પરિસ્થિતિ હતી. પણ તેમાં મંગલ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. તેની સઘળી જવાબદારી સરદારને સોંપવામાં આવી, સરદારે આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું.

ઈ.સ. ૧૯૪૬-૪૭માં મધ્યસ્થ સરકારમાં પ્રજાકીય પ્રધાનમંડળ રચાયું તેમાં સરદારને ગૃહખાતું સોંપાયું. પાછળથી લીગ પ્રધાનમંડળમાં જોડાતાં તેમની એવી માંગણી હતી કે ગૃહખાતું લિયાકતઅલીને સોંપવું, પણ સરદાર ગૃહખાતાનું મહત્ત્વ જાણતા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ વિશે એક એવી ગેરસમજ ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવી હતી કે તેઓ હિંદુવાદી છે. પરંતુ તેમનું જીવનકાર્ય ઝીણવટથી જોનારને એ વાતની ખાતરી થશે કે ભારતના એ પ્રસંગોએ કેટલાય તબક્કે એમણે હિંદુ-મુસ્લિમ વચ્ચે કોઈ પણ ભેદભાવ રાખ્યા વિના મુસ્લિમોનું રક્ષણ કર્યું હતું.

ભારત સ્વતંત્ર થયા બાદ સમગ્ર દેશના ભાવિ-ઇતિહાસનું નવું પાનું ઉઘડ્યું. સ્વાતંત્ર્તા મળતાં દેશની સાઠ ટકા પ્રજાને આઝાદી મળી. પરંતુ બાકીની ૪૦ ટકા પ્રજા ભારતમાં આવેલાં દેશી રજવાડાંઓના શાસન તળે હતી. હવે દેશી રાજાઓનાં નિરંકુશ કાબૂ નીચે પ્રજા સીધી રીતે આવી ગઈ હતી. સરદારે દેશી રજવાઓને સામ, દામ, દંડ અને ભેદની ચાણક્યનીતિથી વશ કર્યા અને દેશની એકતા માટેની અપ્રતિમ સેવા કરી. તેમણે બે વર્ષમાં દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું.